જન્મદિને વધામણી

લતાબેન ચોક્સી
સ્થાપક, જ્યોતિ મહિલા મંડળ અને લાયોનેસ ક્લબ, ગાંધીનગર પૂર્વ સભ્ય, સોશિયલ વેલફેર બોર્ડ અને ગ્રાહક સુરક્ષા સમિતિ, ગુજરાત રાજ્ય

વ્યોમ નીતિરાજ પરમાર
મો. ૮૯૮૦૦ ૨૨૦૭૭

આર જી-એસ બી પટેલ કન્યા શાળાની ધોરણ-૧૨ અને ૧૦ની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારોહ અરવિંદ કેન્દ્રમાં યોજાયો

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને એસ બી પટેલ ઉચ્ચ માધ્યમિક કન્યા શાળા, સેક્ટર-૨૩ની ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા કાર્યક્રમ શ્રી અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય કન્વીનર નારણભાઈ બારોટ, મંજુલાબેન ડોડિયા અને શૈલેષભાઈ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

કાર્યક્રમનું મુખ્ય સંચાલન સામાન્ય પ્રવાહના શિક્ષક કમલેશભાઈ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું મુખ્ય હાર્દ મયંકભાઈ પટેલના નેતૃત્ત્વ હેઠળ રજૂ કરવામાં આવ્યું હતું. સવારના પહોરમાં સૌપ્રથમ ધોરણ-૧૨, ૧૦ની વિદ્યાર્થીનીઓનો સમૂહ ફોટો ક્લિક કરી તમામ વિદ્યાર્થીનીઓને શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી.

કેન્દ્રના નિયોજક ડૉ. તન્નાઅને કમિટીનો ખૂબ સહકાર મળ્યો હતો અને તેમણે ત્યાં સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી આપી હતી.

કાર્યક્રમની શુભ શરૂઆત નારણભાઈ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યક્રમને શોભાવવા મુખ્ય મહેમાન તરીકે સમર્પણ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. દિપકભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સૌ વિદ્યાર્થીનીઓને આશીર્વદ સહ શુભકામનાઓ પાઠવી હતી.

અતિથિ વિશેષ તરીકે બીબીએ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. જતીનભાઈ પંડ્યા અને સ્કૂલનાં પૂર્વ સુપરવાઈઝર દિલહરબા જાડેજા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે છ માસિક પરીક્ષામાં પ્રથમ બે ક્રમે ઉત્તીર્ણ થનારી વિદ્યાર્થીનીઓને 'બાળકને ઓળખો' પુસ્તક અર્પણ કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ની વિદ્યાર્થીની ધ્રૂવી પાથરે શાળાની સ્મૃતિઓને ઉચ્ચ શબ્દોમાં અભિવ્યક્ત કરી હતી તો ધોરણ-૧૨ની વિદ્યાર્થીની પ્રિયંકા પરમાર અને રાજવી શાહે પણ શાળા સાથે પોતાની સ્મૃતિઓને વાગોળી હતી.

માધ્યમિક વિભાગના સિક્ષક રમણભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન આપ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં વિદ્યાર્થીનીઓને ગુલાબનું પુષ્પ તથા કુમકુમ તિલક કરી સફળતા માટે આશિષ પાઠવવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન કમલેશભાઈ શર્મા, નારણભાઈ બારોટ, મયંકભાઈ પટેલે કર્યું હતું. રમેશભાઈ માલવિયા, આર જી પટેલ, પંકજભાઈ પટેલ અને જશુભાઈ સુતરિયાએ આ આયોજનમાં પોતાનો સહકાર પૂરો પાડ્યો હતો.

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે શાળામાં ધોરણ-૧૨ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા જીવનલક્ષી મૂલ્યે વિશે વાત કરી હતી. પ્રમુખ દક્ષાબેન સુથારે આશીર્વચન પાઠવ્યાં હતાં તથા એસ એલ વિહોલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અજિતસિંહ સોલંકી તથા શરદભાઈ પટેલે વિદ્યાર્થીઓ માટે પૅન તથા નાસ્તાનું આયોજન કર્યું હતું. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ, શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ભાઈલાલભાઈ પટેલ તથા ભીખાભાઈ ચૌધરીએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ગુર્જર સાહિત્યના ઝરુખામાં ગાંધીનગરના સાહિત્ય સર્જકો



ગાંધીનગર, તા. ૫

ગુજરાતી અસ્મિતાની ઝાંખી કરાવતો ગુર્જર સાહિત્યનો ઝરૂખો નામે પરિચય કોશ-૨૦૧૭ નિરંજનભાઈ હરિશંકર પંડ્યા, મુંબઈ દ્વારા સંપાદિત કરી પ્રગટ કરવામાં આવ્યો છે, જેમાં આપણી ભાષાને સમૃદ્ધ બનાવનારા સર્જકો અને તેમના અણમોલ ખજાનારૂપ વારસાને સજીવન રાખનારા કલાકારો, તંત્રીઓ, સંપાદકો, કટાર લેખકો અને પત્રકારો વિશે નવી પેઢીને પરિચિત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૧૮૦ જેટલા લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવોનો પરિચય, તેમનાં સુંદર અવતરણો, કેટલીક ઉત્કૃષ્ટ રચનાઓ વિશે વાચકોને માહિતગાર કરવામાં આવ્યા છે. આ ગ્રંથમાં ગાંધીનગરના સર્જકોને પણ સ્થાન મળ્યું છે. ભાગ્યેશ જહા, દોલત ભટ્ટ, દલપત પઢિયાર, નટવર હેડાઉ, કિરીટ એચ શુક્લ, મધુ રાય, સ્વ. જય ગજ્જર, હર્ષદ ત્રિવેદી, ડૉ. બિન્દુ ભટ્ટ, ભીખુ કવિ, ભરત કવિ 'ઉર્મિલ', ડૉ. કલ્પના જિતેન્દ્ર, કનૈયાલાલ ભટ્ટ, કિરીટ દુધાત, હરિકૃષ્ણ પાઠક, પ્રવીણ ગઢવી, વસંત ગઢવી, ફિલિપ કલાર્ક વગેરેનાં નામો આ ગ્રંથમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે.

ડાયરેક્ટ ❤ સે

જીવનનો ઉપદેશ
પેન્સિલ પાસેથી મેળવો
બટકો નહીં
ત્યાં સુધી અટકો નહીં
અને બટકો
તો છોલાવાની
તૈયારી રાખો
દુનિયા તમારી
અણી કાઢી આપશે

જે એમ ચૌધરી વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૫

રિસર્ચ રિવ્યૂ ઈન્ટરનેશનલ જર્નલ ઑફ મલ્ટીડિસીપ્લીનરી - રોમ, ઈટલી અને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય ઈ-સેમિનારમાં આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ ૨૦૧૬ અંતર્ગત ખાદ્યાન્ન સુરક્ષા માટે 'કઠોળ : ઉપલબ્ધિઓ અને પડકારો' વિષયે સંશોધનાત્મક નિબંધ લેખનમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સેક્ટર-૭નાં મદદનીશ શિક્ષક રમીલાબેન એસ ચૌધરીને પ્રથમ સ્થાન મળ્યું છે. આ નિબંધ ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન ઓફ યુનાઇટેડ નેશન્સ, રોમ, ઈટલીના મેગેઝીનમાં સ્થાન પામશે. શિક્ષકની આ સિદ્ધિ બદલ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના હોદ્દેદારો, શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી તથા શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે.

સ્મિત મ્યુઝિક દ્વારા ટેલેન્ટ સિંગિંગ પરફૉર્મન્સ શોમાં ભાગ લેવા નગરના ગાયકોને ઈજન

ગાંધીનગર, તા. ૫

આગામી ઉનાળુ વૅકેશનના સમયગાળામાં સ્મિત મ્યુઝિક દ્વારા ગાંધીનગર શહેરના નવા વિકસીત વિસ્તારોમાં વસતા કલાકારો માટે ટેલેન્ટ સિંગિંગ પરફોર્ન્સ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૧થી ૧૭ વર્ષ અને ૩૬થી ૬૦ વર્ષ એમ બે વિભાગ આ ઉપક્રમ માટે નિયત કરવામાં આવ્યા છે. પાંચ મેલ અને પાંચ ફિમેલ સિંગર્સને ઓડિશનને આધારે પસંદ કરવામાં આવશે અને તેમને સ્ટેજ પરફોર્મન્સની તક સ્મિત મ્યુઝિક દ્વારા પૂરી પાડવામાં આવશે.

આ શોમાં ભાગ લેવા માટે ફોર્મ ભરવું જરૂરી છે. ફોર્મ (૧) પરફેક્ટ સાઈન બેનર, ઘ-૬, રાધે સ્વીટ માર્ટ પાસે, (૨) ગાંધી ગિફ્ટ, સેક્ટર-૨૧, રાધે સ્વીટ માર્ટની પાછળ, (૩) જી હા રાજ કોર્નર લેડીઝ વેર શોપ, જય ભવાની વડાપાંઉની ઉપર, ૧૫૮, મોલ-૨, ઈન્ફોસિટી, (૪) શ્રુતિ સ્ટેશનરી, ૪૧, અક્ષત હેવન, શીવાલય ફ્લેટ, રાધે હોસ્પિટલ પાસે, કુડાસણ ખાતેથી મળી શકશે અથવા વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ફોર્મ ભરીને પરત કરવાની છેલ્લી તારીખ ૧૫ માર્ચ નિયત કરવામાં આવી છે.

આ અંગેની વધુ વિગતો માટે સ્મિત મ્યુઝિકના સંચાલક ભરત ગજ્જર, જ્યોતિ ગજ્જરનો સંપર્ક (૯૬૬૨૦ ૨૩૧૩૫) કરવા સંસ્થાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થી વિદાય સમારોહ

ગાંધીનગર કેળવણી મંડળ, કોબા સંચાલિત મધુરી મનસુખલાલ વસા શાળામાં ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી, ટ્રસ્ટીગણ, નિયામક, ગામના સરપંચ, શિક્ષકમિત્રો તથા વાલીઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મહારાજ દ્વારા મંત્રોચ્ચાર સાથે વિદ્યાર્થીઓએ માતાપિતાની પૂજા, વંદના કરી આરતી ઉતારી હતી અને તેમનું માન-સન્માન જાળવવાની પ્રતિજ્ઞા લીધી હતી. માતાપિતાએ વહાલથી બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા.મેનેજિંગ ટ્રસ્ટી અને નિયામકે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે માતાપિતાના મહત્ત્વને સ્વીકારી તેમનું માન-સન્માન આજીવન જાળવવાની સલાહ વિદ્યાર્થીઓને આપી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સરગાસણ ધો -૧૨ ના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે શુભેચ્છા તથા વિદાય સમારંભના કાર્યક્રમનું શાળા કેમ્પસમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં ધો- ૧૨ ના સૌ વિદ્યાર્થી ભાઈ/બહેનોને કુમ કુમ તિલક સાથે ગળ્યું મોં કરીને આવકારમાં આવ્યા હતાં. કાર્યક્રમની શરૂઆતમાં પૂજય મહારાજશ્રી દ્વારા સરસ્વતી પૂજન તથા મંત્રોચ્ચાર કરીને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવામાં હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ શાળામાં થયેલા ખાટા -મીઠા અનુભવો અંગે વક્તવ્ય આપ્યું હતું. શાળાના ટ્રસ્ટીઓ, ડાયરેકટર્સ, પ્રિન્સીપાલ તથા શિક્ષકો દ્વારા આશીર્વાદ પાઠવવામાં આવ્યાં હતા. અંતે, વર્ગ દીઠ ફોટોગ્રાફી કરીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

મારી સ્કૂલ એ કોઈ મકાન નહીં પરંતુ સંસ્કાર ઘડતરની શાળા હતી

સંવેદના
'મારી યાદગાર સ્કૂલ'

મહેસાણા જિલ્લાનું પહેલાંનું ગોકુળિયું ગામ જોટાણા. તેની પ્રાથમિક શાળા પ્રથમ ગામની જોડે જ હતી. પછી નવી બંધાયેલી શાળામાં ભણવાનું થયું. આજુબાજુ વૃક્ષો વચ્ચે ધોરણ-૧થી ૭ સુધીનો અભ્યાસ કર્યો. સવારમાં શાળાની આગળના મેદાનમાં પ્રાર્થના થાય. પછી સમાચાર અપાય. અંતે ગણિત જેવા વિષયને અગત્યતા આપવા 'એકથી એકત્રીસના ઘડિયા' બોલાય. છોકરાઓની વચ્ચે આપણને બોલાવાય. ન આવડે તો શરમ આવે. બોરીયાવી ગામના શિક્ષક ચૌધરીસાહેબ અવળા આંક બોલાવે. ત્રીસ પછી ૨૯ના અને છેલ્લે અગિયારા આવે. આમ ગણિતના ઘડિયા મોઢે થાય તો આપણને કેલ્ક્યુલેટરની જરૂર ન પડે.

૭૦ વર્ષ પહેલાં શિક્ષણમાં બાળકોને શારીરિક સજા થતી. લેસન ન લાવે કે તોફાન કરે તો વરખડાની લીલીછમ સોટી બે-ત્રણ લગાવી દેવાતી. પછી લેસન નિયમિત થઈ જતું. આથી કહેવત પડી કે સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રુમઝુમ. માતા-પિતા પણ જરૂર પડ્યે તોફાની છોકરાને સીધો કરવા શિક્ષકને મારવાની છૂટ આપતા

ત્યારે પહેલા ધોરણમાં વિદ્યાર્થી રડતો-રડતો દાખલ થતો અને સાતમા ધોરણમાંથી નીકળતો ત્યારે હસતો હસતો નીકળતો. ટ્યુશન પ્રથા હતી, પણ નિઃશુલ્ક હતી. વધારાના પૈસા લીધા વિના જ શિક્ષકો પોતાના ઘરે બોલાવીને વિદ્યાર્થીઓને ભણાવતા.

હું ધોરણ સાતમા હતો ત્યારે સવજીભાઈ પટેલ હેડ માસ્ટર. સવારે ભણાવે ને રાત્રે પણ એક કલાક ભણાવે. એમના જેવા શિક્ષકોના પ્રતાપે જ ફાઈનલ પરીક્ષા ૬૦ ટકા મેળવી પાસ કરી, પછી એ જ શાળામાં પાંચ વર્ષ શિક્ષકની નોકરી કરી. વંદન છે મારી આ યાદગાર સ્કૂલ અને શિક્ષકોને!

- શિવશંકર દવે

હું જ્યારે મારા બાળપણને યાદ કરું છું ત્યારે મારી સ્કૂલમાં ગાળેલા આનંદમય દિવસો યાદ આવે છે. આજે મારું જે કંઈ અસ્તિત્વ છે તેમાં મારા સ્કૂલમાં થયેલા ઘડતરનો મહત્તમ ફાળો છે.

મારી સ્કૂલ એટલે ભાવનગર જિલ્લામાં પૂ. નાનાભાઈ ભટ્ટે સ્થાપેલ સુંદર, રળિયામણી લોકભારતી સંસ્થાના મધ્યમાં આવેલ બે મોટા રૂમ અને બે નાના રૂમથી બનેલું નાનકડું મકાન. સ્કૂલ કેટલી લક્ઝુરિયસ છે તેના કરતાં સ્કૂલમાં ભણતું બાળક કેટલી નિર્ભયતાથી, આનંદ-કિલ્લોલ કરતું, ભાર વિનાનું ભણતર મેળવી શકે છે તે મહત્ત્વનું હતું.

ધોરણ-૧થી ૭ વચ્ચે બે શિક્ષિકા બહેનો - પૂ. શ્વેતાંબરીબેન અને પૂ. મહાલક્ષ્મીબેન. માબાપથી પણ અદકેરો પ્રેમ એ બંને બહેનો પાસેથી મળે. રોજ ગીતો અને વાર્તાઓથી તરબોળ રહીએ. બાળકો તો મસ્તી કરે જ, તેથી નાના-મોટાં મસ્તી-તોફાનો કરવાની છૂટ. કોઈ મોટો ગુનો થયો હોય તો મનને આઘાત ન પહોંચે તેવી સજાય. બગીચાને ૧૦ ડોલ પાણી પાવાનું, સ્કૂલને ૧૦ આંટા મારી આવવાના. સજામાં કોઈ નુકસાન નહીં, ફાયદો જ ફાયદો.

સ્કૂલનાં બધાં જ કામો અમે જાતે કરતાં. પટાવાળા કે સફાઈ કામદારો હતા જ નહીં. રૂમોમાં કચરા-પોતાં કરવાં, પીવાનું પાણી ભરવું, સ્કૂલ ફરતે સફાઈ તથા બગીચાને પાણી પાવામાં અનેરો આનંદ આવતો. શરીરને કસરત થતી અને નાનાં-મોટાં કામો કરવાનાં સંસ્કાર મળતાં.

બંને બહેનોને બધાં જ બાળકો એકસરખાં વહાલાં. બાળકોને શિક્ષિકા બહેનો માટે અપાર પ્રેમ અને બહેનને રોજ પગે લાગવાનું. ઘરની બાજુમાંથી બહેન પસાર થાય તો પણ પગે લાગવા દોડતા. આજે પણ પિયર જવાનું થાય એટલે બહેનના ઘરે અચૂક મળવા જવાનું.

સ્કૂલમાં રમતો ખૂબ રમ્યા છીએ. લંગડી, સાતોડિયું, પાંચીકા, થપ્પો, ખો-ખો વગેરે રમતો રોજ રમતા. સ્કૂલમાંથી પ્રવાસો થતા, ડુંગરમાં બોર વીણવા જવાનું, ખજાનાની શોધમાં જવાનું, નદીમાં ન્હાવા જવાનું તથા જુદા જુદા તહેવારો ઉજવવાના... આવી પ્રવૃત્તિઓ મનને સદાય આનંદમાં રાખતી એવું યાદ છે.

ભણવાની પ્રવૃત્તિ ભાર વગરની રહેતી. સ્પર્ધા હતી નહીં. સૌ સૌની શક્તિ પ્રમાણે ભણતાં, નબળાં બાળકોને ક્યારેય ઉતરતા ગણવામાં આવતાં નહીં. બસ, આનંદ-ઉત્સાહ અને કિલ્લોલ સાથે જ ભણતરનું કાર્ય થતું.

મારી સ્કૂલ એ કોઈ મકાન નહીં પરંતુ સંસ્કાર ઘડતરની શાળા હતી એવું મને યાદ છે.

- સુધા પ્રણવ પટેલ
સેક્ટર-૮

મારા પિતાશ્રી વેચાણ વેરા અધિકારી હોવાથી અમારી દર ત્રણ વર્ષે બદલી થતી. પહેલાં જે શાળામાં એડમિશન મળે એમાં લઈ લેવાનું. બીજે વર્ષે કોઈ સારી ખાનગી શાળામાં એડમિશન લેવાનું. આ રીતે જ હું ભાવનગરની હલુરિયા, જામનગરની નેશનલ હાઈસ્કૂલ, ભૂજ તેમજ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યો. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મહાત્મા ગાંધીએ અભ્યાસ કર્યો હતો (પછી એ મોહનદાસ કરમચંદ ગાંધી વિદ્યાલય થઈ). એ જ શાળામાં મેં અભ્યાસ કર્યો એનું મને ગૌરવ છે. ત્યારબાદ રાજકોટની પ્રખ્યાત વિરાણી વિવિધલક્ષી વિદ્યાલયમાં પ્રવેશ મેળવી બે વર્ષ અભ્યાસ કર્યો, જેના સહાધ્યાયીઓ આજે પણ મારા મિત્રો છે અને અમે ઘણીવાર મળીએ છીએ.

આ શાળાના આચાર્ય જયેન્દ્ર આચાર્ય હતા, તેઓ કરાંચીથી આવ્યા હતા અને સ્વતંત્રતાસેનાની હતા. ૧૫ ઑગષ્ટ કે ૨૬ જાન્યુઆરી તે અચૂક ગાતા, સર જાવે તો જાવે, મગર આઝાદી ઘર આવે... અને મેરા રંગ દે બસંતી ચોલા... ગાંધીજીની વાતો પણ ઘણી કરતા. સવારે સમૂહ પ્રાર્થના પછી એમનું પ્રવચન હોય એમાં તેઓ અમને ઘણી શીખ આપતા. એ વખતના અમુક સંસ્કારો આજે પણ જીવન સાથે સંકળાયેલા છે. સમૂહ પ્રાર્થના આશ્રમ ભજનાવલિમાંથી ગવાતી, પછી અમારા સંગીત શિક્ષક કોરેગાંવકર સિતાર સાથે ભજનો ગાતા. સબસે ઊંચી પ્રેમ સગાઈ... મેરે તો ગિરધન ગોપાલ... પ્રભુ મોરે અવગુન ચિત્ત ન ધરો... એ આજેય યાદ છે.

સમૂહ પ્રાર્થનામાં કોઈ મોડું પડે તો એની પરેડ આચાર્ય આગળ થતી. એટલે ભક્તિનગરથી અમે ત્રણ-ચાર મિત્રો સમયસર સાથે નીકળી જતા અને પાંચેક કિમી ચાલી નાખતા. અમારા વર્ગશિક્ષક સી કે આચાર્ય ખૂબ જ આત્મવિશ્વાસુ હતા અને અમને ભૂગોળ ભણાવતા. એમણે અમને કોઈને ૧૦માં કે મેટ્રીકમાં ભૂગોળની ટેક્સ્ટ બૂક, ગાઈડ કે કોઈપણ પુસ્તક લેવાની ના પાડી હતી અને જણાવ્યું હતું કે મારો કોઈ તાસ ચૂકવાનો નહીં, તમને ૮૦-૮૫ માર્ક્સ આવશે જ. મને ૯૨ માર્ક્સ મળ્યા હતા અને એમના પ્રતાપે આજેય મારું ભૂગોળનું જ્ઞાન પાકું છે.

રમતનું મેદાન પણ ઘણું મોટું અને રમતગમતના તાસમાં રમત ચોક્કસપણે રમવાની જ. મારો વારો ફૂટબૉલમાં આવતો અને ખૂબ મઝા આવતી. હું મારી આ શાળાને ક્યારેય નહીં ભૂલું.

- અશોક ત્રિવેદી
ખ-૦

વાચકોને આમંત્રણ

સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

'મારી યાદગાર સ્કૂલ'